બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# ખેડૂત અને બી



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : M. Maillot; Lazarus

અનુકૂલન : E. Frischbutter; Sarah S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.


એક દિવસે ઈસુ તળાવ કિનારે શીખવતો હતો.
તેની આસપાસ ઘણા લોકો એકઠા થયાં હતાં.


લોકોના ટોળા ખૂબ
જ મોટા હતાં.
ઈસુએ હવે શું કરવું
જોઈએ?

ત્યાં ઉભી રહેલી હોડી જોઈને ઈસુ તેની
પર ચઢી ગયો. હવે તે લોકોને જોઈ
શકતો હતો. અને લોકો તેને
જોઈ અને
સાંભળી
શકતા હતાં.




ઈસુએ દ્રષ્ટાંતો કહેવાની શરૂઆત
કરી - જે બાબતો ઈશ્વર વિષે
શીખવે તેવી સામાન્ય
વાર્તાઓ
કહેવા લાગ્યો.

“એક ખેડૂત પોતાના ખેતરમાં બી વાવવા માટે ગયો.” ઈસુના આબેહૂબ શબ્દો જાણે કે ચિત્ર રજૂ કરતા હોય તેમ ચિત્રમય હતાં.




જેમ કે તેમણે ઘણીવાર જોયા
હતા - તેમજ ખેડૂતનું ચિત્ર
તેમની આગળ
રજૂ થયું.


અમૂક બી રસ્તાની કોરે
પડ્યાં. સુઉઉઉ... પંખીઓ
ત્યાં ઉતરી આવ્યા
અને ચણી ગયાં.


અમુક બી પથરાળ જમીન પર પડ્યાં.
તેઓ તો નાના છોડની જેમ ઉગી તો નીકળ્યા.
સૂર્યની ગરમીને કારણે તેઓ ચીમળાઈ
ગયા અને તેઓને
મૂળ ન હોવાથી
તેઓ સૂકાઈ ગયા.

બીજા બી કાંટાઓમાં
ઉગી નીકળ્યા. પણ
તેઓ ફળ લાવી
શક્યા નહીં.



કાંટાઝાંખરા એટલા બધા વધી ગયા કે આ નાના છોડવાને વધવા ન દીધા, જેથી તેમને સૂર્યપ્રકાશ અને વરસાદ મળ્યો નહીં.




બાકીના બી સારી જમીન પર પડ્યાં.
સમય પસાર થતા, તેમના ફણગાઓ તંદુરસ્ત
બન્યા અને આગળ વધતા તેમની
ઉપર પુષ્કળ પાક ઉપજ્યો. તેથી
ખેડૂત ખૂબ જ ખુશ
થઈ ગયો હશે.

આ વાતને અંતે શિષ્યો ઈસુની પાસે આવ્યા. “તું દ્રષ્ટાંતો માં કેમ શીખવે છે? ” તેઓએ પૂછ્યું.



ઈસુએ તેમને કહ્યું કે જો તે ઈશ્વરને પ્રેમ કરતા હશે તો આ વાર્તાઓ દ્વારા તેઓ ઈશ્વરને સીધી રીતે સમજી શકશે.



પણ જે લોકો તેને પ્રેમ કરતા નથી, તે દ્રષ્ટાંતોને સમજી શકતા નથી.




ઈસુએ તેમને દ્રષ્ટાંત સમજાવ્યું. તેણે
કહ્યું કે બી ઈશ્વરનું વચન છે. રસ્તા પર
પડેલું બી એવું કે
તે સાંભળે છે
પણ
સમજતા
નથી.


ઈશ્વરે જે જણાવેલું છે તે શેતાન
આવીને ભુલાવી દે છે.

અમુક લોકો ઝડપથી ઈશ્વરના વચનો સ્વીકારી લે છે. તેઓ પથરાળ જમીન પર પડેલા બી સમાન છે.




ઈશ્વરના પ્રેમની ખાતર જયારે કોઈ તેમની મશ્કરી
કરે છે, કે તેમનું કાર્ય અઘરૂં બનાવે છે ત્યારે તેમના
માટે નિરાશા ભરી બાબત
બની જાય છે.


આવા લોકો, જેઓ ખૂબ જ આનંદથી ઈસુની પાછળ ચાલવાની શરૂઆત કરી હોય છે, તેઓ ફરી જાય છે અને ઈશ્વરના વચનને આધિન થવાનું બંધ કરી દે છે.

કેટલી દુ:ખની વાત કે તેઓ ઈશ્વરના બદલે
તેમના મિત્રોને ખુશ રાખવા પ્રયત્ન કરે છે.



આ દ્રષ્ટાંતમાં રહેલા
કાંટાઓ, દુનિયાની
ચિંતાઓ અને
પૈસાની લાલસા, જે
લોકોના જીવનોને
ભરી દે છે.



તેઓ પૈસા પાછળ
અને બીજી વસ્તુઓ
પાછળ એટલા બધા
રચ્યા પચ્યા રહે છે કે
તેઓ ઈશ્વરને બાજુ
પર મૂકી દે છે.



પણ જે બી સારી જમીન પર પડે છે તે સારો પાક અપાવે છે ને એવા ઈશ્વરના વચનો, જે લોકોના હૃદયમાં જાય છે અને તેમને બદલે છે. આવા પ્રકારના લોકો ઈશ્વરની સેવા કરે છે અને તેમને માન આપે છે.



હવે લોકોના ટોળા ઈસુને મૂકીને જવા તૈયાર ન હતાં. ઘણા લોકો ઈશ્વરની પાછળ ચાલી તેને ખુશ કરવા માંગતા હતાં. ઈસુના દ્રષ્ટાંતોએ તેમને મદદ કરી કે તેઓ કેવી રીતે ઈશ્વરને આધિન થવાનું શીખી શકે.



# ખેડૂત અને બી

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

માથ્થી ૧૩

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦


સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે
મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી
તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો.
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી
શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું
તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬